મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા
ગાંધીનગર તાપમાન

આપણું શહેર કેવું હતું - આજે કેવું છે

ગાંધીનગર, તા.૨૮

કોરોનાની મહામારી સામે માણસો તો લડતા હતા અને લડી રહ્યા છે. પરંતુ આપણુ નગર પણ આ મહામારીમાં આપણ સાથે જ લડી રહ્યું છે. લોકડાઉન પહેલાનું શહેર અને હાલનું શહેર પોતાના અસ્તિત્વમાં આવેલા બદલાવને પ્રસ્તુત કરી રહ્યું છે. શહેરમાં ઘણા બદલાવ આવ્યા છે. વાતાવરણ, સૌન્દર્ય, શહેરીજનોની આવન જાવન સાથે ઘણી બધી રીતે શહેરમાં ફેરફાર જણાઈ રહ્યા છે. આ વિશે નગરના અગ્રણીઓ પાસેથી પણ જાણીએ કે તેમને લોકડાઉન પહેલા અને હાલનું ગાંધીનગર કેવું લાગી રહ્યું છે.

●●●

... અત્યારે ગાંધીનગર વધુ રળિયામણું લાગે છે

મને મારું ગાંધીનગર વહાલું છે. એટલે મને એનું કોઈ પણ સ્વરૂપ ગમે છે. છતાં પણ લૉકડાઉનમાં એ કેવું લાગે છે એ પ્રશ્ન ની સામે કહું તો અત્યારે ગાંધીનગર વધુ રળિયામણું લાગે છે. જેમ નદી ના પાણી શુદ્ધ થયા, આકાશ અને હવા શુદ્ધ થઈ એમ શહેરોમાં ગંદકી પણ ઘટી છે. વિકાસની વાટ પકડેલા રૂપાળા ગાંધીનગરમાં મહાનગરો જેવી ગંદકીની બદસૂરતી પણ ઝડપથી ફેલાઈ રહી હતી. એમાં હાલ પૂરતો ઘટાડો થયો છે. ટ્રાફિક સિગ્નલ આવ્યા ત્યારથી થોડી કૃત્રિમતા લાગતી. અત્યારે ઓછા ટ્રાફિક વાળી કાળી ડીબાંગ સુંદર સડકો જોવી લાહવો છે વૃક્ષોની નીરવતા આ તમામ ગાંધીનગરનું આગવપનુ રહ્યું છે. એને માણવા અમદાવાદીઓ પણ અહી ખેચાઇ આવે છે. એને મહેસૂસ કરવાની તક સાંપડયાનો આનંદ છે. શાંતિમાં ભય ભળે એમ ભેંકાર અનુભવાય છે. પણ ભયમુક્ત હોઈએ તો આનંદ અનુભવી શકાય. બહાર નીકળવાની બંધી ને કારણે આ સન્નાટા ને સાંભળવાની તક ઓછી મળે છે. પરંતુ ટૂંકમાં કહું તો કંઈ ખોટું નથી થોડા દિવસ ગાંધીનગર એના અસલ સ્વરૂપમાં રહે તો.....!!

- મમતા રાવલ (મહિલા અગ્રણી)

●●●

કુદરત આપણને આત્મનિર્ભરતા શીખવી રહી છે

મારી સાથે દુનિયા અને મારી ખુદની જીંદગી પ્રત્યેની માનસિકતા બદલાઈ ગઈ છે. ૨ મહિના પહેલા જે ગાંધીનગર હતું તે અને આજનું ગાંધીનગર જોઈએ તો લાગે છે કે, ૨૦ વર્ષ પહેલાનું ગાંધીનગર જેવું હતું તેવો ભાસ થાય છે. ગાંધીનગરની હવા પ્રદૂષણ મુકત છે અને હાલની હવા ઓર તાજગી વાળી અને ફ્રેશ જણાઈ રહી છે. જે ભીડ અને દોડા દોડી દેખાતી હતી તેની જગ્યાએ માત્ર કામથી બહાર નીકળતા જોવા મળે છે. દરેકને હવે મોજ શોખની સામે પોતપોતાની જરૂરીયાત સમજાવવા લાગી છે. ટુંકમાં કહું તો માણસ ઓછામાં ઓછી જરૂરિયાત સાથે જીવતો થઈ ગયો છે. ગાંડી અને આંધળી દોટ મુકત બંધ થયો છે. જિંદગી પ્રત્યેની સભાનતા બદલાયેલી છે. સમય જે પહેલા રોકાતો હતો તે હવે મોકળાશ આપી આગળ વધવા માટે તક આપી રહ્યો છે. વડીલોને પણ ઘર ભર્યુંભર્યું લાગવા લાગ્યું છે પાછો એક મનગમતો કોલાહલ ઘરમાં ગુંજવા લાગ્યો છે. દરેક માણસની અંદર છુપાયેલ નાનપણનો શોખ એને ક્યાંક ને ક્યાંક રીફ્રેશ થવા લાગ્યો છે. ગાંધીનગરનું સૌદર્ય પાછું ખીલી ગયું છે. પક્ષીઓનો કોલાહલ પહેલા કરતા વધી ગયો છે. ૨૦ વર્ષ પહેલા જે દેખાતા હતા તેટલા જ વાહન આજે ઘ રોડ ઉપર છૂટા છવાયા દેખાઈ રહ્યા છે. ગાંધીનગરાઓ ના પેટ્રોલના ખર્ચામાં ઘટાડો થયો છે. વધારાનું સેવિંગ્સ થયાનો આનંદ છે. લોકડાઉને માણસની દિનચર્યા તો બદલી જ છે સાથે જિંદગીને પણ સારી રીતે જીવતા શીખવ્યું છે. આજે મોલ અને ઇટરીઝ સૂમસામ છે પરંતુ એના વગર દરેક પોતાના ઘર ચલાવતા શીખી ગયા છે. જાણે કુદરત આપણને આત્મનિર્ભરતા શીખવવા આવી હોય તેમ લાગી રહ્યું છે.

- ગૌરાંગ થાનકી (મનોચિકિત્સક)

●●●

ગાંધીનગર શાંત અને ભયભીત છે

એક હતું ગાંધીનગર – જ્યાં માર્ગો પર ટ્રાફિક અને શોપિંગમાં ભીડ...

આજે એવું ગાંધીનગર છે કે - માર્ગો સૂમસામ બન્યાં છે, શોપિંગમાં ભીડ નથી...

કોરોના સંક્રમણના કારણે શહેરીજનોમાં ભય છે અને સંક્રમણ ક્યારે ઝીરો થાય તેનો ઇન્તજાર છે. નવી સવારની રાહ જોઇને શહેરીજનો બેઠાં છે...

હાથમાં હાથ પકડીને લોકો બિન્દાસ ફરતા હતા. સામે મળે તો હસ્તધૂનન કરીને સત્કાર કરતા હતા. કેમ છો કહીને ગળે મળતા હતા, આજે આ જ માનવી એક બીજાથી દૂર ભાગે છે.
ભૂતકાળમાં ક્યારેય ન જોયો હોય તેવો માહોલ ગાંધીનગરમાં જોવા મળે છે...
શોપિંગ સેન્ટરો ખાલી છે...
બાગ-બગીચામાં બાળકોનો કોલાહલ નથી...
માર્ગો પર વાહનોની રફતાર નથી.
અઢી મહિનાથી ઘરમાં લોકો કેદ થયેલા છે.
ઘરના આંગણામાં ચહલપહલ નથી.
સેક્ટરોમાં લટાર મારવા નિકળીએ એટલે પોલીસની સાઇરન સંભળાય છે.
લોકડાઉનની રાહતમાં ઝડપી ખરીદી જોખમ વધારે છે.
ઉછળતું કુદતું, કુદરતના ખોળે રમતું ગાંધીનગર શાંત છે,
ભયભીત છે, સન્નાટામાં વ્યાપ્ત છે.
દિવસ કરતાં રાત્રી વધુ બિહામણી લાગે છે.
ઘ-પનું ખાણીપીણી બજાર ભેંકાર ભાસે છે.
ઘ-૪ના સેન્ટ્રલ વિસ્ટાની મસ્તી અદ્રશ્ય બની છે.
મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોયે ત્રણ મહિના થઇ ગયા..
ઇન્ફોસિટી વેરાન છે, કુડાસણની ખાઉ-ગલી બિહામણી બની છે...
સંસ્કૃત નગરીમાં આજે માર્ગો પર પશુ-પક્ષીઓનો કિલ્લોલ છે.
હા – લોકડાઉને ગાંધીનગરની હવાને તંદુરસ્ત બનાવી છે પરંતુ મોઢા પર માસ્કનું આવરણ છે.

- ગૌતમ પુરોહિત (વરિષ્ઠ પત્રકાર)

જૂના સચિવાલય સંકુલમાં જ ચાર વાગે વેપાર બંધ કરવા સહિતના નિયમોનો છડેચોક ભંગ

કર્મયોગીઓ દ્વારા માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના પાલનમાં પણ ભારે લાપરવાહી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર રેડ ઝોન હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા લોકડાઉન-૪માં ઘણી છૂટછાટો આપવામાં આવી છે પરંતુ તે સાથે ફરજિયાત માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું, જાહેરમાં થૂંકવું નહીં, સાંજે ચાર વાગે તમામ દુકાનો બંધ કરી દેવી જેવા નિયમો પણ લાદવામાં આવ્યા છે અને શહેરમાં આ નિયમોનું મોટાભાગના નાગરિકો દ્વારા યોગ્ય રીતે પાલન પણ કરવામાં આવી રહ્યું છે. જો કે સરકારી તંત્રના મહત્વના ભાગ સમા જૂના સચિવાલય ખાતે જ આ નિયમોના અસરકારક પાલન અંગે મુલાકાતીઓ ઉપરાંત કર્મયોગીઓ દ્વારા જ ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે અને સંકુલમાં અનેક કર્મયોગીઓ તથા મુલાકાતીઓ માસ્ક વગરના પણ જોવા મળી રહ્યા છે એટલું જ નહીં પરંતુ સચિવાલય કેન્ટીન પાસેની પાનની દુકાને સાંજના ૬ વાગ્યા સુધી ચાલતા વેપાર દરમ્યાન અનેક કર્મયોગીઓ-મુલાકાતીઓ સોશિયલ ડિસ્ટન્સિંગની અવગણના કરવા સાથે ટોળે વાળીને વાતો કરતાં જોવા મળે છે.

કોરોના મહામારીથી બચવા માટે જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી હાલ તો વિશ્વ આરોગ્ય સંસ્થાથી લઈને ભારતના વડાપ્રધાન અને તમામ નિષ્ણાતો દ્વારા એક જ ઉપાય સૂચવવામાં આવ્યો છે અને તે છે સોશિયલ ડિસ્ટન્સિંગ. દેશમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અસરકારક રીતે જળવાય તે માટે સરકાર દ્વારા અર્થતંત્રને નુકસાન સાથે કેટલાક નાગરિકોની નારાજગી વહોરીને પણ એક પછી એક લોકડાઉન લાગુ કરવામાં આવ્યા છે જેમાં દેશની મોટાભાગની પ્રજાએ સરકારને સાથ આપીને બબ્બે માસથી પોતાના ઘરમાં જ પુરાઈ રહેવાની સજા ભોગવી રહ્યા છે. જો કે તેમની આ તપસ્યા પર અનેક નાસમજ

નાગરિકો લોકડાઉન તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું ઉલ્લંઘન કરીને પાણી ફેરવી રહ્યા છે. મજબૂરીની હાલતમાં ફસાયેલા પ્રમાણમાં ઓછા શિક્ષિત શ્રમિકો પોતાની આર્થિક ભીંસ અને પારિવારિક પ્રશ્નોને કારણે આ ભૂલો કરે તે તો કદાચ ક્ષમ્ય છે પરંતુ રાજયના પાટનગરના સચિવાલયના શિક્ષિત કર્મયોગીઓ પણ જ્યારે માત્ર પાન-મસાલા કે ગુટકા ખાવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગ ના જાળવે તે કેવી ઘોર બેદરકારી કહેવાય? શું દેશને કોરોના મહામારીમાંથી બહાર કાઢવાની જવાબદારી એકલા સામાન્ય નાગરિકોની જ છે? ગાંધીનગરમાં રેડઝોન હોવા છતાં લોકડાઉન-૪ અંતર્ગત વહીવટી તંત્રએ સવારે ૮ થી સાંજના ૪ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપી છે તે નિયમો શું આ જૂના સચિવાલયની કેન્ટીન પાસેની પાનની દુકાનને લાગુ નથી પડતો? સાંજે ૬ વાગ્યા સુધી બિન્દાસ્ત વેપાર કરતી આ પાનની દુકાનને કયું રક્ષાકવચ ચડાવેલું છે જેના પગલે અહી કર્મયોગીઓ માસ્ક પહેર્યા વગર જ સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવતા પાન-મસાલા-તમાકુની મોજ માણી રહ્યા છે? શું સરકારી અધિકારીઓઓ-કર્મચારીઓ હોવાને કારણે તેમને બધા નિયમોને ઘોળીને પી જવાની છૂટ મળી જાય છે? સામાન્ય શાકભાજીની લારીવાળાને કે મોબાઈલ રિપેરિંગ કરતાં કારીગરને ત્યાં જઈને દંડો પછાડાતી પોલીસને અહી કાર્યવાહી કરતાં કોણ રોકે છે? સચિવાલયના તમામ બ્લોકના પ્રવેશ દ્વારે થર્મલ સ્કેનર ગન આપવામાં આવી છે પરંતુ તેના ઉપયોગમાં પણ ભારે ઉદાસીનતા જોવા મળી રહી છે અને તેના કારણે કર્મયોગીઓ-મુલાકાતીઓ તેમના શરીરના ટેમ્પરેચરના થર્મલ સ્કેનિંગ વગર જ બેરોકટોક અવરજવર કરી રહ્યા છે જે કોરોના સંક્રમણને ખુલ્લા નિમંત્રણ સમાન છે.

ગાંધીનગર તેની ગ્રીનસીટીની ઓળખ હજુ જાળવી શકયું છે. વિકાસના નામે અનેક વૃક્ષો કપાયા હોવા છતાં શહેરમાં હજુ વૃક્ષોની સંખ્યા સારી એવી જોવા મળી રહી છે. વનવિભાગ દ્વારા શહેરની હરિયાળીને જાળવવા ખૂબ સારો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. વનવિભાગના કર્મચારીઓ નિયમિત પાણીનો છંટકાવ કરી વૃક્ષોનું જતન ખૂબ સારી પેઠે કરી રહ્યા છે.

શહેરમાં ભાડાના મકાન ટપોટપ ખાલી થવા લાગ્યા

છેલ્લા બે માસથી લોકડાઉનનો સામનો કરતા નાગરીકો આર્થિક સંકડામણને પગલે મકાનો ખાલી કરી પોતાના વતન ભણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં એક સમયે મકાનના ભાડા આસમાનને આંબી રહ્યા હતા. સામાન્ય નાગરીક માટે ગાંધીનગર શહેરમાં રહેવું પણ મુશ્કલીરૂપ બન્યું હતું. વેપાર-ધંધા અને રોજગારી મેળવતા નાગરીકો આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં રહેવા લાગ્યા હતા. ત્યારે કોરોના એ કોહરામ મચાવતા શહેરના માર્ગો પર માનવીઓ પણ દેખાતા બંધ થઈ ગયા છે. કોરોનાને પગલે છેલ્લા બે માસથી લોકડાઉનનો સામનો કરતા અન્ય જિલ્લાના નાગરીકો પણ આર્થિક સંકડામણને પગલે ટપોટપ મકાનો ખાલી કરી પોતાના વતનની વાટ પકડી રહ્યા છે. લોકડાઉનમાં છુટછાટ મળતા જ શહેર અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં અંદાજીત રોજના ૭ થી વધુ ઘર ખાલી થઈ રહ્યા છે. ત્યારે ઘર ખાલી થતા જ મકાન ભાડામાં પણ ઘટાડો થાય તેવી શકયતાઓ છે.

ગાંધીનગર શહેર અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં લાખો નાગરીકો પોતાના બાળકોના અભ્યાસઅર્થે વસવાટ કરતા હતા. તે ઉપરાંત સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવાર ભાઈ બહેનોની સંખ્યા પણ વિશેષ હતી. જેને પગલે ગાંધીનગરની તાસિર અને તસ્વીર બદલાઈ ગઈ હતી. શહેર મોડીરાત સુધી ધમધમતુ હતું વેપાર-ધંધા પણ તેજી આવી હતી. તેથી શહેરી વિસ્તાર ઉપરાંત કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, સહિતના વિસ્તારમાં આવેલા બંગ્લોઝ, ફ્લેટ, સોસાયટીના મકાનો હાઉસફુલ હતા. ત્યારે કોરોનાને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાતા નાગરીકો કંટાળી ગયા છે. છેલ્લા બે માસથી ઘરમાં પુરાઈ રહેલા નાગરીકો ત્રાહીમામ પોકારી ગયા છે. અચાનક વેપાર-ધંધા ઠપ્પ થઈ જતા આર્થિક સંકડામણ ઉભી થવા પામી છે. ત્યારે શહેરના ઉંચા ભાડાના મકાનો અને અહીનો તોંતિગ ખર્ચ સામાન્ય નાગરીકોને પોસાય તેમ નથી. કોરોનાનો ભય નાગરીકોના મનમાં ઘર કરી ગયો છે. તો બીજી તરફ કોરોનાને લીધે નજીકના સમયગાળામાં શાળા-કોલેજ કે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરુ થઈ શકે તેમ નથી. જેને પગલે શહેરમાં વસવાટ કરતા અન્ય જિલ્લાના નાગરીકો લોકડાઉનમાં છુટછાટ મળતા જ વતનની વાટ પકડી છે. જેથી શહેરમાં અને ન્યુ ગાંધીનગરમાં ભાડના મકાનો ખાલી થવા લાગ્યા છે. જેને અનુલક્ષી શહેરના મકાનોના ભાડામાં પણ ઘટાડો થાય તો નવાઈ નહી..!

ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ડાહીબેન જોઈતાભાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. પ્રકાશભાઈ જેઠારામ દવે, ઉ.વ. ૫૪
- સ્વ. રાવળ કાળાભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૫

આર્થિક સંકડામણ અનુભવતા જૈન સંઘના સભ્યોને એક લાખ સુધીની વ્યાજરહિત લોન મળશે

આચાર્ય પૂ. હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા.ના ૮૮મા જન્મ દિવસની ઉજવણી રૂપે શહેરના જૈનોએ ઘેર રહીને ૭૫થી વધુ ઉપવાસ આયંબિલ, ૭૫૦થી વધુ સામયિક અને ૨૫૦૦થી વધુ માળા દ્વારા ૩ લાખ નમસ્કાર મહામંત્રના જાપ અને ૮૮ સંકલ્પો જાહેર કર્યા

ગાંધીનગર, તા.૨૮

સેક્ટર-૨૨ ખાતેના શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં ચાતુર્માસ માટે વિશાળ સાધુ - સાધ્વીજી ભગવંતોના સાથે પૂ. નીતિ સૂરીશ્વરજી સમુદાયના વડા, ગચ્છાધિપતિ આચાર્ય પૂ. હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા. બિરાજમાન છે, જેઓ જિન શાસનના શણગાર, નિઃસ્પૃહિતાના સ્વામી અને પરમ સમતાધારી છે. ગઈકાલે તા. ૨૭મી મે બુધવાર જેઠ સુદ ૫ ના દિવસે તેઓએ જીવનના ૮૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રવર્તમાન સંજોગો ધ્યાને લઈને શ્રી જૈન સંઘ દ્વારા આ શુભ પ્રસંગે કોઈપણ પ્રકારનો સમારંભ યોજયા વિના શહેરના જૈન શ્રદ્ધાળુઓએ

જિન શાસનમાં દર્શાવેલ આરાધનાઓ કરીને ગુરુદેવને તપ, જાપ, ક્રિયા અને સંકલ્પની ભેટ ધરી છે જેમાં ૭૫ થી વધુ ઉપવાસ - આયંબિલ ૭૫૦ થી વધુ સામયિક અને ૨૫૦૦થી વધુ માળા જાપ દ્વારા ૩ લાખ નમસ્કાર મહામંત્રના જાપ કરેલ છે આ સાથે અનેક આરાધકોએ વર્ષ દરમ્યાન ૮૮ના ગુણાકમાં જુદી જુદી તપ-જપની આરાધનાના સંકલ્પો પણ કર્યા છે.

આચાર્ય પૂ. હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા.ના ૮૮માં જન્મદિવસના મંગળ દિવસે જૈન મંદિર ખાતે સવારે પ્રભુજીની ભવ્ય અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે જૈન સંઘના ટ્રસ્ટી મંડળ દ્વારા વંદન કરીને ગુરુદેવને શ્રી સંઘ વતી પૂર્ણ સ્વાસ્થ સાથે દીર્ઘાયુની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ગુરુદેવના જન્મદિનને યાદગાર બનાવવા તેઓના આશીર્વાદ સાથે હાલમાં કોરોના મહામારીની પરિસ્થિતિમાં આર્થિક સંકડામણ અનુભવતા સંઘના સભ્યો માટે ધંધા, તબીબી સારવાર અને શૈક્ષણિક હેતુ માટે રૂ. એક લાખ સુધીની વ્યાજરહિત લોન આપવાની યોજના શરૂ કરવામાં આવી છે.

આ દિવસે શહેરના જૈનોએ ઘેર રહીને ૭૫થી વધુ ઉપવાસ - આયંબિલ, ૭૫૦થી વધુ સામયિક અને ૨૫૦૦થી વધુ માળા દ્વારા ૩ લાખ નમસ્કાર મહામંત્રના જાપ કરેલ છે. અનેક આરાધકોએ વર્ષ દરમ્યાન ૮૮ના ગુણાકમાં જુદી જુદી તપ જાપની આરાધનાના સંકલ્પો જાહેર કર્યા છે. જૈન શ્રદ્ધાળુઓ દ્વારા ગુરુદેવને જૈન ધર્મની ઉત્કૃષ્ઠ અને અનુમોદનીય આરાધનાની ભેટ ધરીને વિશિષ્ઠ રીતે જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો.

કોરોના વોરિયર્સને રક્ષાપોટલીનું કવચ

ગાંધીનગર જૈન સંઘના અગ્રણી મૂળ અડાલજના વતની અને હાલ ગાંધીનગર નિવાસી દિપકભાઇ નગીનદાસ શાહે આચાર્ય પૂ. હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા.ના જન્મદિવસ પ્રસંગે કોરોના મહામારી સામે લડવૈયાઓને મહુડીના ઘંટાકર્ણ વીરની રક્ષાપોટલીનુ વિતરણ કર્યું હતું. તેમણે આ કોરોના લડવૈયાઓને કોરોના સામે રક્ષણ કરવા માટે રક્ષા પોટલીનુ વિતરણ કરીને તમને એક આધ્યાત્મીક સુરક્ષા કવચ પુરુ પાડવા પ્રયાસ કર્યો છે.